**રીઝર્વ બેંક ઓફ ઇંડિયા**
**ફારેન એકસચેંજ ડિપાર્ટમેન્ટ**
**સેન્ટ્રલ ઓફિસ, મુંબઇ-400001**

17 એપ્રિલ, 2004

આર.બી.આઇ. 2004/153

એ.પી.(ડી.આઇ.આર.) સીરીઝ પરીપત્ર ક્રમાંક 86

પ્રતિ ફોરેન એક્સચેંજના તમામ અધિકૃત ડિલરો
મેડમ/સાહેબ,
ફેમા-1999 કરંટ એકાઉન્ટ ટ્રાન્ઝેકશન
વિદેશ રહેતા નિકટના સ્વજનોના નિભાવ માટે ચુકવણી દ વિદેશી કંપનીઓમાંથી ભારતમાં ડેપ્યુટેશન પર ભારતીય નાગરીકોની વિનંતી

અધિકૃત ડિલરોનું ધ્યાન 3 મે, 2000ના ભારત સરકારના નોટીફીકેશન નં. જી.એસ.આર. 381 (ઇ) ના સીડ્યુઅલ દ 3 ની આઇટમ 7 તરફ દોરવામાં આવેલ છે. જેને 30 માર્ચ, 2001ના જાહેરનામા ક્રમાંક એસ.ઓ. 301 (ઇ) થી સુધી રાખેલ છે. જે વિદેશી નાગરીકો (પાકીસ્તાની નાગરીકો સિવાય) માટે છે. જેઓ રહેવાસી હોય પરંતુ ભારતમાં કાયમી વસવાટ ન કરતા હોય તેઓ તેમની નેટ સેલેરી (ટેક્ષમાં કપાત, પ્રો.ફંડમાં યોગદાન અને અન્ય કપાત બાદ) વિદેશમાં નિકટના સ્વજનના નિભાવ માટે ચુકવી શકે છે. વર્તમાન નિયમો પ્રમાણે વિદેશી કંપનીઓ દ્વારા ભારતમાં ડેપ્યુટેશન પર હોય. તેવા ભારતના નાગરીકો માટે આવી વિનંતી રીઝર્વ બેંકને કરવામાં આવે છે.

2 રીવ્યુમા એવું નક્કી કરવામાં આવ્યું છે કે વિદેશી નાગરીકોને પગારની ચુકવણી માટે અપાતી સુવિધા (પાકીસ્તાની નાગરીકો સિવાય) ભારતીય નાગરીકોને પણ આપવી જેને ભારતમાં ડેપ્યુટેશન પર વિદેશી કંપની દ્વારા રાખવામાં આવ્યા હોય તે મુજબ તે અધિકૃત ડિલરના ઓર્ડરમાં રહશે. જેમાં નેટ સેલેરીની ચુકવણી (કરકપાત, પ્રો.ફંડમાં યોગદાન અને અન્ય કપાત બાદ) કરવા ભારતીય નાગરીકને સુવિધા અપાશે જે વિદેશ સ્થીત કંપની દ્વારા ઓફિસના શાખાના, સબસિડયરીના કે સંયુક્ત સાહસના ડેપ્યુટેશન પર હોય અને તે વિદેશમાં વસતા નિકટના સ્વજનોને નિભાવ મોકલવામાંગતા હોય, 1 મે, 2003 ના ભારત સરકારના જાહેરનામા ક્રમાંક જી.એસ.આર. 397 (ઇ) આ અંગે ઇસ્યુ કરવામાં આવેલ છે. જે સાથે જોડેલ છે.

1. અધિકૃત ડિલરો પરીપત્રની વિગતો તેમના સંબંધિત ગ્રાહકોના ધ્યાનમાં લાવી શકે છે.
2. આ પરિપત્રમાં રહેલી સુચનાઓ ફેમા 1999 (1999 ના 42) ના સેકશન 10 (4) અને 11 (1) હેઠળ અપાયેલી છે.

આપના વિશ્વાસુ
ગ્રેસ કોષી

મૂખ્ય મહાપ્રબંધક

**નાણા અને કંપની બાબતનું મંત્રાલય આર્થિક બાબતોનો વિભાગ જાહેરનામુ**

નવી દિલ્હી 1 મે, 2003

જી.એસ.આર. 1997 (ઇ) ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ એક્ટ 1999 (1999 ના 42) ના સેકશન 46 ના પેટા સેકશન (1) અને ક્લોઝ (અ) અને સેક્શન 5 હેઠળ અપાયેલી સત્તા હેઠળ અને રીઝર્વ બેંક પાસે થી મસલત બાદ આર.બી.આઇ. એ જાહેર હિતમાં એવું વિચાર્યું છે કે ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ (કરંટ એકાઉન્ટ ટ્રાન્ઝેકશન) રૂલ્સ, 2000માં નીચે મુજબ સુધારા કરવામાં આવેલ છે.

1. ટૂંકુ ટાઇટલ અને સુધારા (i) આ નિયમો ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ કરંટ એકાઉન્ટ ટ્રાન્ઝેકશન) (બીજો સુધારો) નિયમો, 2003 તરીકે ઓળખવામાં આવશે

(ii) સત્તાવાર ગેઝેટમાં પ્રકાશનની તારીખથી તે અમલમાં આવશે.

2. ફોરેન એક્સચેંજ મેનેજમેન્ટ (કરંટ એકાઉન્ટ ટ્રાન્ઝેકશન) રૂલ્સ, 2000માં

(અ) સિડ્યુઅલમાં આઇટમ 6 માટે નીચેનો ભાગ બદલવામાં આવશે.

6 રૂપી સ્ટેટ ક્રેડીટ રૂલ હેઠળ નીકાસ પર કમિશનની ચુકવણી સિવાય કે ચા અને તમાકુની નિકાસની ઇનવોઇસ વેલ્યુના 10 ટકા સુધી કમીશન

(બ) સિડ્યુઅલ iii માં આઇટમ નં. 7 માં

(અ) ક્લોઝ (i) માટે નીચેના ક્લોઝ બદલવામાં આવશે.

(i) વધારાનો કુલ પગાર (ટેક્ષ, પ્રો.ફંડમાં યોગદાન અને અન્ય કપાત બાદ કરતા) જે ભારતની રહેવાસી વ્યક્તિ હોય પરંતુ કાયમી વસવાટ કરતી ન હોય

(અ) જે પાકિસ્તાન સિવાયના દેશનો નાગરીક હોય અથવા

(બ) ભારતનો નાગરીક હોય જે વિદેશી કંપની ના ભારત ખાતે સંયુક્ત સાહસમાં શાખા કે સબસિડયરીમાં ડેપ્યુટેશન પર આવેલ હોય

(બ) મુલાસામાં ના રોજગારની જગ્યાએ રોજગાર અથવા ડેપ્યુટેશન શબ્દ મુકવાનો રહેશે

(એફ.નં.1/5/એક 2000 વોલ 2)

જી.એસ.દત્ત
સંયુક્ત સચિવ

ફૂટનોટ મુળ નિયમો 3, જી, મે, 2000 ના સત્તાવાર ગેઝેટ જી.એસ.આર. 381 (ઇ) ભાગ-ii, સેકસન-3, પેટા સેકશનમાં પ્રસિધ્ધ થયા હતા અને 30 મી માર્ચ, 2001ના સુધારા એસ.ઓ. 301 (ઇ) થી તેમાં ફેરફાર કરાયેલ છે.